ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ,
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ–૬ થી ૮) માટે વિદ્યાસહાયકોની ભરતી અંગેની જાહેરાત. વર્ષ–૨૦૧૦

જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ–૬ થી ૮) માં નવી મંજુર થયેલ ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયકોની અંદાજે ૧૦,૦૦૦ જગાઓ નીચે જણાવેલ વિગતે મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓન લાઈન માગવામાં આવે છે. **ઉમેદવારે અરજી તા. ૨૮–૫–૨૦૧૦ થી તા. ૬–૬–૨૦૧૦ સુધીમાં આ કચેરીની વેબ સાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન લાઈન કરવાની રહેશે.** ઓન લાઈન અરજી **www.ptcgujarat.org** વેબસાઈટ પરથી પણ કરી શકાશે.

**ભરવા પાત્ર જગ્યાના સંદર્ભે જિલ્લાની અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓઃ**

| અ.નં. | જિલ્લાનું નામ | વિષયવાર વિદ્યાસહાયક | બિન અનામત | અનુ. જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ.પ | કુલ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી શા.ખો.ખા. માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | અમદાવાદ | **ગણિત/વિજ્ઞાન** | 145 | 30 | 28 | 76 | 279 | 8 |
| | | **અંગ્રેજી** | 145 | 31 | 28 | 75 | 279 | 8 |
| ૨ | વડોદરા | **ગણિત/વિજ્ઞાન** | 27 | 22 | 93 | 100 | 242 | 6 |
| | | **અંગ્રેજી** | 27 | 22 | 93 | 100 | 242 | 5 |
| ૩ | **રાજકોટ** | **ગણિત/વિજ્ઞાન** | 194 | 21 | 3 | 80 | 298 | 9 |
| | | **અંગ્રેજી** | 194 | 21 | 3 | 80 | 298 | 9 |
| ૪ | સુરત | **ગણિત/વિજ્ઞાન** | 78 | 1 | 43 | 29 | 151 | 5 |
| | | **અંગ્રેજી** | 78 | 1 | 43 | 29 | 151 | 4 |
| ૫ | **ખેડા** | **ગણિત/વિજ્ઞાન** | 124 | 12 | 11 | 55 | 202 | 6 |
| | | **અંગ્રેજી** | 125 | 12 | 10 | 55 | 202 | 6 |
| ૬ | **aiN>d** | **ગણિત/વિજ્ઞાન** | 84 | 7 | 8 | 48 | 147 | 4 |
| | | **અંગ્રેજી** | 84 | 7 | 9 | 47 | 147 | 4 |
| ૭ | **પંચમહાલ** | **ગણિત/વિજ્ઞાન** | 83 | 6 | 63 | 42 | 194 | 6 |
| | | **અંગ્રેજી** | 83 | 5 | 64 | 42 | 194 | 6 |
| ૮ | દાહોદ | **ગણિત/વિજ્ઞાન** | 75 | 6 | 76 | 51 | 208 | 6 |
| | | **અંગ્રેજી** | 76 | 5 | 77 | 50 | 208 | 6 |
| ૯ | સાબરકાંઠા | **ગણિત/વિજ્ઞાન** | 100 | 16 | 31 | 50 | 197 | 5 |
| | | **અંગ્રેજી** | 100 | 16 | 31 | 50 | 197 | 5 |
| ૧૦ | **જુનાગઢ** | **ગણિત/વિજ્ઞાન** | 147 | 21 | 2 | 64 | 234 | 8 |
| | | **અંગ્રેજી** | 146 | 22 | 2 | 64 | 234 | 8 |
| ૧૧ | પોરબંદર | **ગણિત/વિજ્ઞાન** | 33 | 5 | 0 | 14 | 52 | 2 |
| | | **અંગ્રેજી** | 32 | 5 | 1 | 14 | 52 | 2 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | **મહેસાણા** | **ગણિત/વિજ્ઞાન** | 86 | 14 | 1 | 37 | 138 | 4 |
| | | **અંગ્રેજી** | 86 | 13 | 2 | 37 | 138 | 4 |
| ૧૩ | **પાટણ** | **ગણિત/વિજ્ઞાન** | 95 | 14 | 2 | 41 | 152 | 5 |
| | | **અંગ્રેજી** | 95 | 14 | 2 | 41 | 152 | 5 |
| ૧૪ | **ભાવનગર** | **ગણિત/વિજ્ઞાન** | 217 | 22 | 4 | 97 | 340 | 10 |
| | | **અંગ્રેજી** | 218 | 22 | 4 | 96 | 340 | 10 |
| ૧૫ | **HFDGUZ** | **ગણિત/વિજ્ઞાન** | 131 | 14 | 3 | 55 | 203 | 6 |
| | | **અંગ્રેજી** | 132 | 14 | 2 | 55 | 203 | 6 |
| ૧૬ | અમરેલી | **ગણિત/વિજ્ઞાન** | 153 | 25 | 2 | 66 | 246 | 7 |
| | | **અંગ્રેજી** | 154 | 24 | 2 | 66 | 246 | 7 |
| ૧૭ | **કચ્છ** | **ગણિત/વિજ્ઞાન** | 131 | 25 | 15 | 64 | 235 | 7 |
| | | **અંગ્રેજી** | 131 | 26 | 14 | 64 | 235 | 7 |
| ૧૮ | ભરૂચ | **ગણિત/વિજ્ઞાન** | 71 | 2 | 15 | 46 | 134 | 0 |
| | | **અંગ્રેજી** | 72 | 2 | 15 | 45 | 134 | 0 |
| ૧૯ | **નર્મદા** | **ગણિત/વિજ્ઞાન** | 16 | 4 | 48 | 30 | 98 | 1 |
| | | **અંગ્રેજી** | 17 | 4 | 47 | 30 | 98 | 1 |
| ૨૦ | વલસાડ | **ગણિત/વિજ્ઞાન** | 57 | 3 | 50 | 22 | 132 | 4 |
| | | **અંગ્રેજી** | 56 | 2 | 51 | 23 | 132 | 3 |
| ૨૧ | નવસારી | **ગણિત/વિજ્ઞાન** | 59 | 1 | 34 | 23 | 117 | 6 |
| | | **અંગ્રેજી** | 58 | 1 | 35 | 23 | 117 | 6 |
| ૨૨ | બનાસકાઠા | **ગણિત/વિજ્ઞાન** | 258 | 46 | 32 | 124 | 460 | 7 |
| | | **અંગ્રેજી** | 258 | 46 | 32 | 124 | 460 | 6 |
| ૨૩ | સુરેન્દ્રનગર | **ગણિત/વિજ્ઞાન** | 188 | 35 | 3 | 85 | 311 | 9 |
| | | **અંગ્રેજી** | 190 | 34 | 3 | 84 | 311 | 9 |
| ૨૪ | ગાંધીનગર | **ગણિત/વિજ્ઞાન** | 42 | 5 | 4 | 19 | 70 | 2 |
| | | **અંગ્રેજી** | 43 | 5 | 4 | 18 | 70 | 2 |
| ૨૫ | ડાંગ | **ગણિત/વિજ્ઞાન** | 18 | 1 | 18 | 13 | 50 | 1 |
| | | **અંગ્રેજી** | 18 | 0 | 19 | 13 | 50 | 1 |
| ૨૬ | **તાપી** | **ગણિત/વિજ્ઞાન** | 55 | 3 | 31 | 21 | 110 | 3 |
| | | **અંગ્રેજી** | 55 | 3 | 31 | 21 | 110 | 3 |
| | | **કુલ :** | 5340 | 718 | 1244 | 2698 | 10000 | 270 |

- ♣ અનુ.જાતિ, અનુ.જનજાતિ,સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીએ જે તે જિલ્લા માટે નકકી કરેલી ટકાવારી મુજબની જગાઓ સરકારશ્રીની પ્રવર્તમાન અનામત નીતિ મુજબ ભરવામાં આવશે. અને શારીરીક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૨/૨૦૦૦ ના ઠરાવ,અને તા.૧૫/૨/૨૦૦૧ના ઠરાવ ક્રઃસીઆરઆર–૧૦૨૦૦૦– જીઓઆઈ– ૭–ગ.૨ અને તા.૧૫/૧૨/૨૦૦૧ના પરિપત્ર તથા તા. ૪–૫–૨૦૦૨ના ઠરાવની જોગવાઈઓ મુજબ ભરવામાં આવશે.
- ♣ મહિલા ઉમેદવારો માટે સરકારશ્રીએ નકકી કરેલ અનામતના ધોરણે ૩૦% જગાઓ અનામત રહેશે. જે સરકારની વખતોવખતની સુચનાઓ મુજબ ભરવામાં આવશે.

**શૈક્ષણિક લાયકાત :**

(૧) **ગણિત/વિજ્ઞાનના વિદ્યાસહાયક માટે :**

(અ) **બી.એસ.સી.બીએડ.**

(બ) બી.એસ.સી.બીએડ. થયેલા ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો જે તે કેટેગરીમાં ખાલી રહેતી જગ્યાઓ એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)/ પી.ટી.સી. થયેલા ઉમેદવારોથી ભરવામાં આવશે.

ઉપરોકત (અ) અને (બ) ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહ માં ગણિત વિષય સાથે ઉતિર્ણ થયેલ હોવા ફરજીયાત રહેશે.

(૨) **અંગ્રેજી અને અન્ય ભાષાના વિદ્યાસહાયક માટે :**

(અ) **બી.એ. (અંગ્રેજી) બી.એડ.**

(બ) જો ઉપરોકત લાયકાત વાળા પુરતા ઉમેદવારો ઉપલબ્ધ ન થાયતો, જે તે કેટેગરીની ખાલી જગ્યાઓ ઉપર એચ.એસ.સી. અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય અને બી.એ.બી.એડ. (ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) ની લાયકાત ધરાવતા હોય તેવા અથવા અંગ્રેજી વિષય સાથે એચ.એસ.સી. પાસ થયેલ તથા પી.ટી.સી.ની લાયકાત ધરાવતાં ઉમેદવારોની સંયુકત પસંદગી યાદી તૈયાર કરી ભરતી કરવામાં આવશે.

ક્રમ–૧ અને ૨ ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારે (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ઘ્વારા લેવાયેલી એચ.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે (૨) પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર ઘ્વારા લેવાયેલી પી.ટી.સી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

ઉમેદવારે પી.ટી.સી. અને બી.એડ.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન ઘ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. ઘ્વારા માન્ય કરેલ યુનિવર્સીટીમાંથી મેળવેલ હોવી જોઈશે.

**પગાર ધોરણ :**

♣ વિદ્યાસહાયકને પ્રતિમાસ રૂા. ૪,૫૦૦/– નું ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે, તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહિ.

**વયમર્યાદા :**

♣ જાહેરાત પ્રસિઘ્ધ થયાની તારીખે ઉમેદવારની **ઉમર–૧૮ વર્ષથી ઓછી નહિ અને ૨૮ વર્ષ કરતા વધુ હોવી જોઈશે નહિ**. અનુ.જાતિ, અનુ.જન જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૫ વર્ષની છુટછાટ આવામાં આવશે.

♣ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨–૫–૯૭ના ઠરાવનીજોગવાઈ મુજબ તમામ કેટેગરીમાં **મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ** આપવામાં આવશે.

♣ શારિરીક ખોડખાપણ, વિધવા અને ત્યકતા ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદા ૪૦વર્ષની રહેશે. આ ત્રણે કેટેગરીમાં આવતા મહિલા ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના ઉપરોકત ઠરાવ અનુસાર ઉપલી વયમર્યાદામાં બીજા પાંચવર્ષનો લાભ મળવાપાત્ર રહેશે.

**સામાન્ય સુચનાઓ :**

૧. અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરુરી તમામ પ્રમાણપત્રોની એક – એક પ્રમાણિત નકલ તથા અન્ય જરુરી પ્રમાણપત્રોની એક એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. વધુમાં સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજુ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઈ કરવા માટે ફરજીયાત પણે રજુ કરવાના રહેશે, અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી.

૨. જે સંસ્થામાંથી એચ.એસ.સી., પી.ટી.સી., ની લાયકાત મેળવેલી હોય તે સંસ્થાનો પરીક્ષા પાસ કર્યાના પ્રયત્નો અંગેનો દાખલો અવશ્ય સામેલ કરવાનો રહેશે.

૩. અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક રીતેપછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીનો દાખલાની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

૪. સામાજીક શૈક્ષણિક રીતેપછાત વર્ગના ઉમેદવારોએતેઓનો " ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી" તે મતલબનું તા. ૩૧–૩–૧૦ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ ૨૦૦૯–૧૦નું તા. ૧–૪–૧૦ કે ત્યાર પછીનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમુનામાં પ્રમાણપત્ર મેળવી તેની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. પાછળથી રજુ કરેલ પ્રમાણપત્ર સ્વીકારવામાં તેમજ ગ્રાહય રાખવામાં આવશે નહી.

૫. શારિરીક ખોડખાંપણવાળા ઉમેદવારોએ અપંગતા અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૬. ત્યકતા સ્ત્રી ઉમેદવારે અરજી કર્યાની તારીખ અગાઉ ઓછામાં ઓછા ત્રણ વર્ષથી ત્યકતા તરીકે જીવન ગુજારેલ છે તે મતલબનું જે તે મામલતદારશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૭. ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી./બી.એડ.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઈ. ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર (માન્યતાના નંબર, તારીખ સહિત) ઉમેદવારે સબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર રજુ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

૮. વિધવા સ્ત્રી ઉમેદવારે તેમના પતિના મરણનો દાખલો અને સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તથા પુનઃ લગ્ન કરેલ નથી તે બાબતનું મામલતદાર/સક્ષમ અધિકારીનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.

૯. સરકારશ્રીના શિ.વિ.ના તા. ૧૫–૭–૦૮ના પરીપત્ર નં. પીઆરઈ/૧૧૦૮/૮૧૪/કની જોગવાઈ મુજબ વિદ્યાસહાયક ભરતીમાં રમત–ગમત પ્રમાણપત્રોને આધારે મળતા ગુણ મેરીટમાં ઘ્યાને લેવામાં આવશે નહી.

૧૦. બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂા. ૨૦૦/– (અંકે રુપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ, તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂા. ૧૦૦/– (અંકે રૂીપયા એકસો પુરા) રહેશે. જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર ઉપર રોકડેથી ભરવાની રહેશે.

૧૧. વેબ સાઈટ પરથી પ્રિન્ટ કરેલ અરજી પ્રમાણિત નકલો સાથે નિયત કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી ફી ભરી જમા કરાવી પહોચ અચુક મેળવી લેવી. જે પસંદગી સમયે રજુ કરવાની રહેશે.

૧૨. વિદ્યાસહાયક ભરતી સબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે.

૧૩. પસંદગી યાદી તૈયાર કરવાની ગુણાંકન પધ્ધતિ માટે શિક્ષણ વિભાગનો તા. ૧૫–૪–૧૦નો ઠરાવ આ જ વેબસાઈટ ઉપર જોવા મળશે.

**<u>અરજી પત્રક ઓન લાઈન ભરવા બાબતેની સુચનાઓ.</u>**

૧. આ અંગેનું ઓન લાઈન અરજી પત્રક વેબસાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપર ઓન લાઈન ભરવાનું રહેશે. ઓન લાઈન અરજી ફોર્મ કોઈપણ કોમ્પ્યુટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે. પોતાના ઘરેથી અથવા ઈ–ગ્રામ સેન્ટરથી અથવા કોઈપણ સાયબરકાફેથી ફોર્મ ભરી શકાશે.

૨. અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

૩. સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપર મુકવામાં આવેલ છે. ઓન લાઈન અરજી પત્રની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી Submit કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ Print કરી લેવું.

૪. અરજી પત્રની પ્રિન્ટ કરેલી કોપીમાં નિયત કરેલ જગ્યાએ ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ગુંદર/ફેવીકોલથી ચોટાડવાનો રહેશે.

૫. ફોટા ઉપર અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજયના નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી અને લાગુ પડતી અરજીપત્રક ફી ભરી સહી કરેલી પહોચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફતે અરજી પત્રક Final Submit કરાવવું.

૬. અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર ઘ્વારા આપવામાં આવેલ પહોચ સાચવવી, અને પસંદગી સમયે અચુક સાથે લાવવી.

૭. ઓન લાઈન અરજી પત્રક તા. ૨૮–૫–૧૦ થી તા. ૬–૬–૧૦ સુધી વેબ સાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપરભરી શકાશે.

૮. અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા. ૨૮–૫–૧૦ થી તા. ૬–૬–૧૦ સુધી રુબરુમાં (શનિવાર–રવિવાર તથા જાહેર રજાના દિવસો સહિત) સવારના ૧૦–૦૦ થી સાંજના ૬–૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૯. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહી.

૧૦. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહી. કોઈ ખોટી માહિતી ભરાઈ ગઈ હોયતો પ્રિન્ટેડ ફોર્મમાં સુધારા વધારા કે છેકછાક કરાવાની જગ્યાએ નવેસરથી નવું ફોર્મ ભરવું અને તેને સબમીટ કરી પ્રિન્ટ લેવી.

(આર.સી.રાવલ)
અઘ્યક્ષ,
ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ
પસંદગી સમિતિ, અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુ.રા. ગાંધીનગર.